વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૯ : અંક - ૧ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જાન્યુઆરી ૬, ૨૦૨૧

# ફૂટપાથ અમારા માટે તો વરદાન છે....

ચાલો આજ આપણે ફૂટપાથ વિશે વિચારીએ. રોડની આજુબાજુ ફૂટપાથ હોય છે. જ્યાં લોકો ચાલીને અવરજવર કરે છે અને આ ફૂટપાથ બનાવવાનો હેતુ પણ આ જ છે. પણ આજના સંદર્ભમાં વાત કરું તો ફૂટપાથ ફક્ત લોકોના ચાલવા માટે નથી પણ આ નાનકડી ફૂટપાથ પર આપણે દૂર-દૂર સુધી નજર નાખીએ તો ઘણું બધું આપણી નજર સમક્ષ આવે છે. જેમ કે, શાક-ફળ વેચનારા, ચાની કીટલી, રમકડાં વેચનારા, ઠંડા-પાણીની લારીઓ, ખુરશી-ટેબલ વેચનારા, પર્સ-બેલ્ટ વેચનારા, ચશ્માં, બૂટ-વેચનારા, બસ-સ્ટેન્ડ, મંદિર, કાગળ-કચરો છૂટો પાડનાર બેનો, ખાણી-પીણી-પકોડી, નાસ્તા, પુલાવ, ભાજીપાઉં વેચનારા નજરે પડે છે. આ ગરીબ, શ્રમજીવીઓ માટે ફૂટપાથ તેમની રોજગારીની જગ્યા છે કે જ્યાં ઊભા રહી તેઓ ધંધો કરે છે. પોતાનું ઘર ચલાવે છે, બાળકો ભણાવે છે અને ઘરના સારા-માઠાં પ્રસંગો આ રોજીથી પાર પાડે છે.

આ ફૂટપાથ પર ધંધો કરતા શ્રમજીવીઓની વાત કરું તો,

- શાંતાબેન પોપટભાઈ પટણી - ૧૫ વર્ષથી ફળની લારી લઈને ગેલેક્સી અન્ડરબ્રિજ પહેલાં ફૂટપાથ પર ઊભા રહીને વેચે છે. તેમનું કહેવું છે કે વાહનોની અવરજવર-રોડ હોવાથી ઘરાકી થાય છે. તેથી અહીં ઊભા રહે છે. આ લારીથી મને રોજના ૨૦૦થી ૩૦૦ રૂપિયા મળી રહે છે. રૂ. ૪૦૦૦થી ૫૦૦૦નો માલ ભરું, તે ૪ દિવસ ચાલે. સવારે ૮થી રાતનાં ૮ વાગ્યા સુધી ધંધો કરું. આ ધંધો કરતાં મુશ્કેલી પણ ઘણી થાય છે. કોઈવાર પોલીસ કે કોર્પોરેશન આવી લારી લઈ જાય, દંડ કરે પણ કોરોનાને લીધે શાંતિ છે. કોર્પોરેશન કે પોલીસ ૩ મહિનાથી હેરાન કરતા નથી. કોરોનાને સમયે ઘર ચલાવવા પૈસાની જરૂર હતી. કોઈ કામ પણ આપતા નહીં, કેમ કે કામધંધો બંધ હતો. હાલમાં આ જગ્યા અમારા પરિવારની રોજીનું સાધન છે, જેના થકી અમે બે ટંક ખાવા ભેગા થઈએ છીએ.
- કનૈયાભાઈ કે જે મેમ્કો વિસ્તારમાં રહે છે. સાઇકલ પર ફરી કીચેઇન વેચે સાથે બેગ, પર્સ, કપડાંની ચેન રિપેરીંગનું કામ કરે. મેં તેમને ફૂટપાથ પર ઝાડ નીચે ઊભા રહી નાસ્તો કરતા જોયા. તેમને પૂછતા જણાવ્યું કે, 'બેન સાઇકલ પર ફેરી કરતા થાક્યો ને ભૂખ લાગતા વિસામો કરવા ઊભો રહી ગયો. તેમના કામ વિશે પૂછતા જણાવ્યું કે, રોજ સવારે ૮ વાગે ઘરેથી નીકળું પણ ઘરે પાછા જવાનો સમય નક્કી નહીં. ધંધો થાય તો મોડું થાય અને ના થાય તો વહેલા પણ ઘરે જતો રહું. અઠવાડિયામાં ૩ વિસ્તારમાં વારાફરતી ૨ દિવસના અંતરે ફરે હાથીજણ, ચિલોડા, નરોડા વિસ્તારમાં ફેરી કરે. સતત ફરવાથી, સાઇકલ ચલાવવાથી પગ દુઃખે, આંખોમાં ધૂળ ઊડે તેથી આંખો બળે તેવી તકલીફ થાય.

- દરીયાબેન લક્ષ્મણભાઈ મારવાડી, સુભાષનગર રહે છે. બાળકોના રમકડાં જેવા કે ટેડીબીયર, હીંચકા, વાંદરા, ઘોડા વેચે. ૮ વર્ષથી અહીં બેસીને વેચે છે. રોડ હોવાથી તેમજ બાજુમાં જ્યુસની લારી લાગતી હોવાથી આ જગ્યા પર ધંધો લગાવે છે. સવારે ૧૦થી ૮ સુધી ધંધો કરે. દિવસના અંતે ૧૦૦થી ૨૦૦ રૂપિયા મળી રહે. તેઓ કહે છે કે, 'દો વક્ત કી રોટી મિલ જાતી હૈ'. મૂળ રાજસ્થાનના છે પણ જન્મ અહીંનો છે. પતિના મૃત્યુ પછી આ ધંધો શરૂ કર્યો. આ એકમાત્ર સહારો છે. આ જગ્યાથી તેમની રોજી-રોટી ચાલે છે. ફૂટપાથ ભલે સરકારે બનાવી પણ અમારી માટે તો એ વરદાન છે .
- શૈલેશભાઈ કામે વાળંદ છે. પહેલા અમે ભાડાની દુકાનમાં વાળ કાપવાનું કામ કરતા. મહીને ૩૦૦૦ ભાડું આપતા. ૧૧ મહિના થાય દુકાન ખાલી કરવી પડે ને પાછું દર વર્ષે ભાડામાં વધારો થાય તે પોસાય નહીં. મારા પિતાજી આ રસ્તે વારંવાર નીકળતા ને એક દિવસ તેમને આ ઝાડ અને તેની નીચે ફૂટપાથ જોઈને લાગ્યું કે અહીં શા માટે ધંધો ન થાય અને આ વિચારથી અમે અહીં ઝાડ નીચે ફૂટપાથ પર બે ખુરશી લગાવી ૩ વર્ષ પહેલા અહીં ધંધો શરૂ કર્યો. ૧૦૦૦ રૂપિયાનો માલ મહિને ખરીદીએ. રોજના ૨૦૦થી ૨૫૦ રૂપિયા મળી રહે. આ ફૂટપાથ પરની જગ્યા અમારા પરિવારને ચલાવે છે અને આનાથી અમે જીવંત છીએ. કોઈની આગળ હાથ ફેલાવવો પડતો નથી.

જોયું, આ ફૂટપાથ ઉપર કેવી રીતે આ આ ગરીબ, શ્રમજીવી પોતાની રોજી રળે છે અને સ્વમાનભેર જીવે છે! આ ફૂટપાથ દરેક વ્યક્તિ માટે એક અલગ અલગ ભાગ ભજવે છે. લોકો સવારે ઊઠીને પોતાના સ્વાસ્થ્ય માટે તેના પર ચાલે તો કોઈ ત્યાં બનેલી બેન્ચ પર બેસી વિસામો કરે તો વળી, શ્રમજીવી તેમના પર પોતાની રોજી કરે. વળી, કેટલાક લોકો માટે તો આ ફૂટપાથ તેમનું ઘર, ત્યાં જ થોડો ઘણો સમાન રાખી પોતાનું જીવન ચલાવે. બસસ્ટેન્ડ હોય તો લોકો ફૂટપાથ પર ઊભા રહી બસની રાહ જુએ. આમ આ નિર્જીવ ફૂટપાથને લોકો અનેક ઉપયોગથી જીવંત બનાવે છે અને આ ફૂટપાથ પણ પોતે નિર્જીવ હોવા છતાં અલગ-અલગ રીતે લોકોને ઉપયોગી નીવડે છે. આમ, એકબીજાના સાથ સહકારથી આ સૃષ્ટિ ચાલે છે.

**– ગીતા કોષ્ટી**

# ફૂટપાથ એ શ્રમજીવીઓનો મોલ

અમદાવાદ શહેરનું બજાર એટલે ફૂટપાથનું બજાર. જ્યાં જાવ ત્યાં ફૂટપાથ પર દરેક વસ્તુ મળી રહે. પહેલાં તો લોકો ભુસની સગડીઓ-કોલસાની સગડીઓ, પાટલા, ટીપોઈ, વેલણ-પાટલી, ખાવાની વસ્તુ, ઘરવખરી, પલાળેલા કઠોળ જેવી વસ્તુ ફૂટપાથ પર વેચતા. પણ જેમ જેમ શહેરનો વિકાસ થતો જાય છે તેમ મોલ બનતા જાય છે. શ્રમજીવી વિસ્તારોમાં તો આ ફૂટપાથ ગરીબોની રોજી છે. રોજ લાવી રોજ ખાનાર માટે ફૂટપાથ બજાર આશીર્વાદરૂપ છે. હાલના ફૂટપાથ પર ધંધો કરનારા બહેનો અને ભાઈઓની માહિતી મૂકી છે. હાલમાં કોરોનાકાળમાં ફૂટપાથ ઉપર ધંધો કરતાં ભાઈઓ અને બહેનોની આપવીતી કંઈક આ મુજબ છે....

અમદાવાદ શહેરમાં નાના-મોટા ધંધા કરતાં બહેનો અને ભાઈઓ કોઈ કટલરી વેચે, કોઈ શાકભાજી એટલે અલગ-અલગ વસ્તુઓ વેચીને ગુજરાન ચલાવે છે. આમ, ફૂટપાથ એ વેચવાવાળાની રોજીરોટી છે. લોકો ફૂટપાથનો ઉપયોગ જો સરકારી નિયમ પ્રમાણે વિચારીએ તો ચાલવામાં કરે છે. ગરીબ માણસોની તો અહીં રોજી.

હાલમાં મેં દરિયાપુર, દિલ્લી દરવાજા, નમસ્તે સર્કલની મુલાકાત લીધી. ત્યાં હવે રોડ મોટા થયા અને ફૂટપાથ નાની અને દુકાનદારોએ પણ ફૂટપાથ ઉપર ધંધાનું સ્થળ બનાવી લીધું. મોટા ભાગના વેચનાર દુકાનોની આગળ રોડ ઉપર ઊભા રહી ધંધો કરે અને ફૂટપાથ પર દુકાનદારો પોતાનો સામાન મૂકે છે એટલે ફેરીયાઓને હળહળતો અન્યાય છે.

- અંબાબેન એ એક ત્યકતા બેન છે. તે દરિયાપુર દરવાજા બહાર સિઝનેબલ ધંધો છેલ્લા ૨૦ વર્ષથી કરે છે. નવરાત્રીથી બે મહિના આંબળા અને તેનો જ્યુસ વેચે છે. ઉત્તરાયણ પર પતંગ -દોરી વેચે છે. ઉનાળામાં ફાલસા વેચે છે એટલે બેન સિઝનેબલ ધંધો કરી તેમના ભાઈઓની બે છોકરીઓ મોટી કરે. લૉકડાઉનમાં તો છ મહિનો ધંધો જ નહીં, તો કોઈ ઘરની બહાર જ ના નીકળે અને લોકો પાસે કામ નહીં તો પૈસા ક્યાંથી હોય કે કોઈ ધંધા થાય! હાલ આ નવરાત્રીથી ચાલુ કર્યો. વ્યાજે રૂપિયા લાવી તો ઠીક છે પહેલાં ૪૦૦થી ૫૦૦ રૂપિયા મળતા. અત્યારે ૧૦:૩૦થી ૭:૩૦ વાગ્યા સુધી વેપાર કરું તો

૨૦૦થી ૨૫૦ રૂપિયા મળે છે. લોકો જોડે પૈસા નથી તો ખરીદી કેવી રીતે કરે? ભાડાનું મકાન છે. ૧૫૦૦ ભાડુ અને લાઇટબિલ ૫૦૦ રૂપિયા ભરવાનું, અને ઘર ચલાવવામાં બહુ તકલીફ પડે છે. વ્યાજે રૂપિયા ક્યાંથી લાવો છો બેન એવો સવાલ પૂછતાં તેમણે જણાવ્યું, 'આગળના મા-બાપનાં વસાવેલા દાગીના પર ૩0% લાવીને ઘરમાં ખૂટતા અને ધંધામાં વાપરીએ. આ છે અમારી ફૂટપાથની જિંદગી.

- કરણભાઈ શાહીબાગ વિશ્રામગૃહ આગળ ફૂટપાથ પર ચાઇનીઝની લારી ચલાવે છે. ફૂટપાથ એ અમારી જીવાદોરી છે. અમે બન્ને ભાઈ આ લારી પર અમારા ઘર ચલાવીએ છીએ. લૉકડાઉન પહેલાંનો ધંધો અમારો રોજનો ૩૦૦૦ રૂપિયા પહોંચતો હતો. હાલમાં લોકો બહારનું ખાવામાં ડરે છે એટલે અત્યારે તો ૧૦૦૦ રૂપિયા કમાવવા પણ અઘરા પડે છે અને આંખે પાણી આવી જાય છે. પહેલાં તો રાતના ૧૨ વાગ્યા સુધી ધંધો કરતા પણ હાલ તો કરફ્યુનાં કારણે ૯:૦૦ વાગ્યે બંધ કરવા માટે ૮:૩૦થી ધંધો સંકેલી લેવો પડે. જો નવ વાગી જાય તો પોલીસના ડંડા ખાવા પડે એટલે સમયસર લઈ નીકળી જવું પડે. અમારા ધંધાની પથારી ફરી ગઈ છે.
- હિમ્મતભાઈ દરિયાપુર દરવાજા બહાર ફૂટપાથ ઉપર આમલેટ અને ઈંડા વેચે છે. આ ફૂટપાથ મોટી હતી તો લારી આખી ફૂટપાથ ઉપર આવી જતી. હાલ બી.આર.ટી.એસ.ના કારણે રોડ મોટા થયા અને ફૂટપાથ નાની કરી એટલે અડધી લારી બહાર રહે છે, એટલે ધંધો કરીએ પણ એક્સિડન્ટની બીક રહે છે. બાજુમાં મેલડી માતાનું મંદિર છે. તેના વિશ્વાસે ધંધો કરીએ છીએ. પહેલાં તો પાંચ કિલો ડુંગળી આમલેટમાં વપરાતી એટલે ૧૫૦૦ રૂપિયા સુધી વકરો થતો હતો. અત્યારે લોકો ૮:૦૦ વાગ્યા સુધી ખાવા આવે છે એટલે માંડ ૧ કલાકનો ધંધો જામે છે અને ૯:૦૦ વાગ્યે તો લારી ઘરે લઈ જવાની એટલે ડરતા-ડરતા ધંધો કરીએ અને ધંધા પર ૯:૦૦ વાગી જાય તો પોલીસ આવી જાય તો ડંડા ખાવા પડે. માંડ ૨ કિલો ડુંગળી વાપરતા બે ભાઈઓ કંટાળી જઈએ છીએ અને કાયમના ઘરાકોને ફોન કરી ઓર્ડર લઈ ઘરે આપવા પણ જઈએ છીએ. શું કરીએ ધંધો વધારવા પ્રયત્નો કરીએ છીએ.
- એક ભાઈ ફૂટપાથ ઉપર ગેરેજનો સામાન પાનાં-પક્કડ લઈને બેઠેલા. તેઓ કહે, 'બેન ફૂટપાથ અમારો દોસ્ત છે. ફૂટપાથ અમારી રોજી છે. અમે ખૂણેખાંચરે બેસીએ. અમે ફૂટપાથ પર બેસીએ. રોડ પર કોઈનું પંચર તો કોઈનું હવા ભરવાનું, કોઈના ટાયર બદલવા, કોઈની બેટરી રીપેરીંગ કરીએ એટલે રોડ પર સાધન ચાલે ને અમારા જેવા ગેરેજો ફૂટપાથ પર જ હોય! પણ લૉકડાઉન પછી બહુ ધંધામાં મંદી છે, કેમ કે જે લૉકડાઉન પહેલાં સાધનો ફરતા એટલાં હવે રોડ પર હોતા નથી. ચાલે, દાળ-રોટલાના પૈસા નીકળી જાય. તેમાં કોઈ બચત ના થાય. ફૂટપાથ એ જ અમારું ઘર છે ને એ જ અમારી રોજી! ખાલી ઊંઘવા ઘરે જઈએ. બે ટાઇમ ખાવાનું પણ રોડ પર જ. જ્યારથી કરફ્યુ સરકાર લગાવ્યું છે, ત્યારથી અમે વહેલા ઘરે જઈએ છીએ. મારી ગેરેજ પાસે લીમડો છે. લીમડાના છાંયે કામ કરું છું .
- દિલ્લી દરવાજાની બંને ફૂટપાથ ભરેલી હોય છે. કોઈ ફૂલ વેચે, કોઈ માંકડ-મચ્છર મારવાની દવા, કોઈ દોરડાં વેચે છે અને ચાવી બનાવવાવાળા બેસે છે. એટલે દરેક વેચનારના મોઢે એક જ વાત, 'બેન આ ફૂટપાથ અમારી રોજી છે તે છીનવાઈ નહીં, આ નાના ધંધામાં બાળકો ભણાવીએ, સામાજિક કામો કરીએ, બીમારી આવે એ બધા ખર્ચા અમારી ફૂટપાથ આપે છે એટલે હાલમાં દુકાનોવાળા ઓછા થઈ ગયા છે, પણ રોડ પર વધારે લોકો ઊભા રહે છે.'

જેમ મોલમાં જીવનજરૂરી વસ્તુઓ એક જગ્યાએ મળે છે અને લોકોને શોપિંગની સાથે મનોરંજન માટે થિયેટર હોય તેમ ફૂટપાથમાં પણ જે બજાણીયા જાતિના લોકો પોતાની કળા તેમના બાળકો દ્વારા જેવી કે વાંસ બાંધી દોરડા ઉપર ચલાવી લોકોને મનોરંજન પૂરું પાડી પોતાનું પેટિયું રળે છે. આમ એમના માટે પણ આ તેમની રોજગારીનું સ્થળ છે.

**– રમીલા પરમાર**

❑

# ઔર તો કુછ હૈ નહીં બસ યહીં જ ફૂટપાથ હમારા બસેરા

આમ તો, શહેરના દરેક રોડ રસ્તા પર ફૂટપાથ હોય છે. જ્યાં ઘણા લોકો ખાણી-પીણી, ઘર-વપરાશની જરૂરી ચીજ-વસ્તુ, કામ ધંધાને લગતા સાધન-સામગ્રી વેચાણ કરી પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. ઘણા લોકો એવા પણ છે જે કહે છે કે, આ ફૂટપાથ જ એમનું ઘર છે. અહીંને અહીં ધંધો કરે અને સાંજ પડે ફૂટપાથ પર જે મળે તે ખાઈને આરામ કરે.

વાત કરું છું ગોમતીપુર વિસ્તારના કામદાર મેદાનના રોડ પરની ફૂટપાથની. સારંગપુર બ્રિજ ઉતરતા જ ફૂટપાથ પર ઉભા રહીને નાનું ટેબલ રાખીને સલીમભાઇ હેલ્મેટ વેચવાનો ધંધો કરે છે. સલીમભાઇ હોલસેલમાં હેલ્મેટ ખરીદીને લાવે છે થોડો ભાવ વધારીને રોડ પર જતા- આવતા લોકોને હેલ્મેટ વેચે છે. હાલ કોરોનાની મહામારીને લીધે વધુ ધંધો એમને માસ્ક વેચવામાં થાય છે. બાજુમાં નાનકડી ઝાડની ડાળીઓ સાથે દોરી બાંધીને માસ્ક લટકાવી રાખે છે, તે લોકો જુએ ને ખરીદી કરતા જાય છે. આમ જ સલીમભાઇની રોજી આ ફૂટપાથ પર જ નભેલી છે.

સલીમભાઇની આગળ ઉમેદભાઇની દાળવડા અને સમોસાની લારી પણ ફૂટપાથ પર જ ગોઠવાયેલી છે. સવારના ૮ વાગ્યામાં લારી ફૂટપાથ પર લગાવી દે છે તે સાંજના ૭ વાગ્યે ઘરે જાય. એમની સાથે વાત કરતાં તેમણે કહ્યું, તેઓ રોજના ૩૦૦થી ૪૦૦ રૂપિયા કમાઈ લે છે. ફૂટપાથ પર જ ધંધો સારો ચાલે છે. જ્યારે દબાણવાળા આવે ત્યારે ઘણી વાર લારી લઇને જતા રહેતાં હોય છે. તો ક્યારેક લારી ખસેડાવતા હોય છે ત્યારે ધંધો સાવ ધીમો પડી જાય છે. આમ જો ફૂટપાથ પર ધંધો ના કરીએ તો અમારે પણ રખડવાના વારા આવે.

દાળવડાની લારીની થોડી દૂર રતીલાલભાઈનું સાઇકલ રિપેરીંગનું સ્ટેન્ડ છે. ફૂટપાથ પર જ કલરના નકામાં ડબ્બા પર બેસીને સાયકલ રીપેરીંગ કરે છે. રતીલાલભાઇની સાથે વાત કરી તો કહે કે, ઓઢવ વિસ્તારમાં રહું છું ને છેલ્લા ૨૦ વર્ષથી આ જ જગ્યા પર બેસીને સાયકલ રીપેરીંગ કામ કરું છું. હમણા જ ગયા વર્ષે અહી રોડનું દબાણ આવ્યું હતું તે ઘણી મોટી મોટી દુકાનો, મકાનો તોડી નાખ્યા હતા ને અમને પણ ભગાડી દીધા હતાં. પણ, અમે થોડો વખત જ્યાં ત્યાં બેસીને કામ કર્યુ પણ ધંધો બરાબર જામતો નથી. વળી પાછા થેલો લઇને આ જગ્યાએ બેસુ છું તે કામ ચાલે છે. ''બસ, હવે તો આ ફૂટપાથ જ અમારી તો જીવાદોરી છે.''

એનાથી થોડી આગળ ચાલતા જોયું તો રોડ પર સોકતઅલીભાઇની એક નાના ટેબલ પર ચાની કીટલી છે. અહી ઘણા લોકો આવીને સવારમાં ચા પીએ ત્યારે લોકોના દિવસની શરૂઆત થાય. ચાની ચુસ્કી મારતા લોકો પોતાના ધંધાથી માંડીને ઘરની બહારની વાતો પણ આ જ કીટલી પર કરતાં હોય છે. સોકતઅલીભાઈને પૂછ્યું કે અહી આટલી નાની જગ્યામાં તમારો ધંધો ચાલે છે? તેઓ કહે, 'હા બેન, અમારે તો આ ફૂટપાથ જ અમારી રોજીરોટી છે. આના સિવાય મારો ધંધો ક્યાંય ના ચાલે.'

થોડેક આગળ બસ સ્ટેન્ડ પાસે ઝાડ નીચે અકબરભાઇ પોતાનું સિલાઇ મશીન લઇને બેઠા બેઠા કપડાનું રીપેરીંગ કામ કરે છે. અકબરભાઇ કહે, આજે ૩૫ વર્ષથી અહી ફૂટપાથ પર બેસીને ફાટેલા-તુટેલા કપડામાં સિલાઇ, ચેઇન નાખવાનું, રફુ કરવાનું જેવા કામ કરું છું. ને મારું ને મારા પરિવારનું પુરું કરું છું. લોકો રોજે રોજ એ જ જગ્યા પર આવીને કામ આપી જાય ને લઇ જાય છે.

તેનાથી આગળ રખીયાલ નજીક પટેલની ચાલી પાસે છાપરામાં રહેતા મુન્નાભાઇ ને શકીનાબીબી ૩૦ વર્ષથી નાની લારી રાખીને ડાયરી, પેન, અંગ્રેજી, હિન્દી, ઉર્દુ, ગુજરાતી જેવા નવાં જુના છાપા વેચે છે. તહેવારની સિઝનમાં ફટાકડાં, પતંગ-દોરી, પીચકારી જેવી વસ્તુ પણ વેચે છે. પરિવારમાં બીજુ કોઇ નથી બસ એકબીજા એકબીજાનો સહારો બની જીવન વિતાવે છે.

વધારે વાત કરતાં શકીનાબીબી કહે, ''હમ લોગુ કો બરસો બીત ગયે યહી જ ફૂટપાથ પર રહેતે ઔર ધંધા કરતે હુએ. ધંધા હોએ ના હોએ જેસે તેસે અપના ગુજારા કર લેતે હૈ. કઇ દફા દબાણ વાલે એયે ઔર સબ સામાન ભરેલી લારી ઉઠાકે લે ભી જાતે હૈ. જૈસે તૈસે હાથ-પેર જોડે થોડે બહોત પૈસે દે કે સામાન છુડવાતે હૈ.

હમારે પાસ ઔર તો કુછ હૈ નહી બસ યહી જ ફૂટપાથ હમારા બસેરા હૈ.''

**– ગોમતી**

❑

# નાણાંમંત્રી સાથેની પ્રિ-બજેટ મિટિંગમાં 'સેવા'ના સૂચનો

૧૮ ડિસેમ્બરે દેશના નાણાંમંત્રી એ ટ્રેડ યુનિયનોની સાથે પ્રીબજેટ મિટીંગ ગોઠવી હતી. સેવાએ પણ સેન્ટ્રલ ટ્રેડ યુનિયન હોવાથી તેમાં ભાગ લીધો હતો. આ વખતની મિટીંગ વરચ્યુઅલ હતી. એટલે દિલ્હીની બરફ જેવી ઠંડીથી છૂટકારો હતો પરંતુ, જે રૂબરૂ મળીને સામસામે બેસીને, આંખમાં આંખ નાંખીને વાત કરવાનું તે ખૂટતું હતું.. સેવાએ અસંગઠિત ક્ષેત્રના કામદારોને ખાસ કરીને કોવિડ મહામારીને ધ્યાનમાં રાખીને કેવા પ્રકારની સમાજિક સુરક્ષા મળવી જોઇએ તેમજ હાલની સામાજિક સુરક્ષા મેળવવામાં પડતી તકલીફો નિવારવા તેમજ તેમની આર્થિક પરિસ્થિતિ સુધારવા ધંધા-રોજગાર મજબૂત કરવા માટે આગામી બજેટમાં નાણાંકીય ફાળવણી કરવા માટેની રજૂઆત વરચ્યુઅલ મિટીંગમાં કરી તેમજ આ અંગેનું વિગતવાર મેમોરેન્ડમ નાણાંમંત્રી ને મોકલ્યું ને અક્ષરશઃ નીચે પ્રમાણે છે.

- **મનાલી**

**પ્રતિ,**
**શ્રી નિર્મલા સીતારમન,**
**માનનીય નાણાં મંત્રી,**
**ભારત સરકાર,**
**આર્થિક વિકાસ મંત્રાલય,**
**નોર્થ બ્લોક,**
**નવી દિલ્હી - ૧૧૦૦૦૧**

**આદરણીય શ્રી નિર્મલા સીતારમનજી,**

## વિષય : ૧૮મી ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ બજેટ પૂર્વેના કન્સલ્ટેશન માટે સેવાની રજૂઆત.

અમે બહેનોના સૌથી મોટા સેન્ટ્રલ ટ્રેડ યુનિયન વતી, એમાંય ખાસ કરીને દેશના વિશાળ અદૃશ્ય શ્રમિક બળ વતી પૂર્વ અંદાજપત્રીય સલાહ સૂચનો માટે અમને આમંત્રણ આપ્યું તે માટે અમે આપના આભારી છીએ.

આપણા દેશમાં લગભગ ૪૩ કરોડ અસંગઠિત ક્ષેત્રના કામદારો છે, જે દેશનાં કુલ કામદાર વર્ગના ૯૩ ટકા છે. દેશના જી.ડી.પી અને રાષ્ટ્રીય આવકમાં તેમનો ખૂબ મોટો ફાળો હોવા છતાં, ટકાઉ આજીવિકાનો તથા આવકનો અભાવ, આજીવિકા મેળવવા એકસાથે બે-ત્રણ ધંધાઓમાં કામ કરવું પડે. સાથે જોડાણ, કુશળતાનો અભાવ, કાયદાકીય સુરક્ષાનો અભાવ, કામના લાંબા કલાકો અને સામાજિક સુરક્ષાનાં અભાવ જેવા કારણોથી તેઓ હંમેશાં હાંસિયામાં ધકેલાયેલા રહ્યા છે. વર્તમાન રોગચાળાએ હકીકતમાં તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓને વધુ કપરી બનાવી દીધી છે. અમારા એક અનૌપચારિક સર્વે મુજબ આ કામદારો પાસે આજીવિકા અને આવક બંનેવ નથી. ૭૭% થી વધુ કામદારોએ પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવા રોજના ૩% વ્યાજ ઉપર પૈસા ઉધાર લઈ દેવું કર્યું છે.

રોટી, કપડા, મકાન તથા પ્રાથમિક શિક્ષણ, સ્વાસ્થ્ય અને બેન્કિંગ આ ત્રણ મૂળભૂત સેવાઓ છે, જેની કામદારોને હાલની મહામારીની પરિસ્થિતિમાંથી ઉગારવા માટે ખૂબ જ જરૂર છે. અમને વિશ્વાસ છે કે આગામી બજેટ આ ત્રણ મૂળભૂત જરૂરિયાતો અને સેવાઓને ધ્યાનમાં લઈને તેનો સમાવેશ કરાશે, જેથી કામદારોના જીવન અને કામ કરવાની પરિસ્થિતિઓમાં સુધારો લાવી શકાય. માટે આવા અસુરક્ષિત શ્રમજીવીઓમાં લાંબા ગાળાનું રોકાણની જરૂર છે. તેથી અમે અસુરક્ષિત/અસંગઠિત કામદારોના જીવન અને કામની પરિસ્થિતિમાં સુધારો લાવવા અને તેમને મહામારીની અસરોમાંથી બહાર લાવવા નીચે દર્શાવેલા સૂચનોને પ્રસ્તાવિત કરીએ છીએ.

૧. સરકારે રોગચાળામાં કામદારો માટે રાહત પેકેજની જાહેરાત કરી હતી, પરંતુ રાહત પેકેજોનું વિતરણ કરતી વખતે બહાર આવ્યું કે સરકાર પાસે અસંગઠિત ક્ષેત્રના કામદારો અને સ્થળાંતર કરનારા કામદારોનો યોગ્ય ડેટાબેઝ ઊભો કરવા વાસ્તવિક માહિતી (ડેટા) જ નથી. અસંગઠિત ક્ષેત્રના તથા સ્થળાંતર કરનારા કામદારોના યોગ્ય ડેટાબેઝને એકત્રિત કરી જાળવવાની ખરેખર જરૂર છે. તે માટે પૂરતા પ્રમાણમાં અંદાજપત્રીય ફાળવણી થવી જોઈએ.

૨. સરકારે 'અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ ૨૦૦૮' ઘડ્યો હતો. પરંતુ અપૂરતી બજેટની ફાળવણીને કારણે કાયદો સંપૂર્ણ નિષ્ફળ રહ્યો. સામાજિક સુરક્ષા કોડ અને તેના ડ્રાફ્ટરુલ્સમાં ફરીથી અસંગઠિત ક્ષેત્રની સામાજિક સુરક્ષા માટે નાણાંકીય ફાળવણી માટે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી નથી. અસંગઠિત ક્ષેત્રના સામાજિક સુરક્ષા માટે નાણાંકીય ફાળવણી સંહિતામાં ફક્ત એટલું જ જણાવવામાં આવ્યું છે કે, વિવિધ યોજનાઓને કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવી શકે છે. અસંગઠિત ક્ષેત્રની સામાજિક સુરક્ષા માટે સરકારે દર વર્ષે જરૂરી બજેટની ફાળવણી કરવી જોઈએ અને તે જોગવાઈઓ સામાજિક સુરક્ષાની સંહિતા અને તેના હેઠળના નિયમો માટે પણ થવી જ જોઈએ.

૩. ગયા વર્ષે અમે બીડી કામદારોની નોંધણી અને તેને રિન્યુ કરવાનો મુદ્દો ઊઠાવ્યો હતો. સરકારે બીડી વેલ્ફેર સેસ એક્ટ રદ કરી દીધો છે અને ત્યારથી કામદારોની નોંધણી અને તેને રિન્યુ કરવાનું સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે. બીડી કામદારોને કલ્યાણકારી લાભ આપવા માટે યોગ્ય માળખું, પદ્ધતિ તથા સરકારી કર્મચારીઓ હોવા છતાં કમનસીબે શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા કામદારોની નોંધણી અને રિન્યુઅલ માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન કરવામાં આવી હોવાથી કામદારોના ઓળખકાર્ડ બની શક્યા નથી અને એટલે જ તેઓ કોઈ જ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી શકતા નથી. હકીકતમાં નોંધણી માટેની કોઈ ગોઠવણ જ નથી. તેથી ફંડ વપરાયા વિના નક્કામું જાય છે. ખરેખર તો આ બીડી કામદારોની નોંધણી તથા રિન્યુઅલની પ્રક્રિયા ગોઠવવાની અને તેના માટે બજેટમાં યોગ્ય ફાળવણી કરવાની જરૂર છે.

૪. સરકારે મહામારી દરમ્યાન બાંધકામ કામદારો માટે રાહત પેકેજની જાહેરાત કરી હતી. વેલ્ફેર બોર્ડમાં કરોડો રૂપિયાનો સેસ હોવા છતાં ફક્ત એક જ વાર કામદારોને રાહત આપી છે. બાંધકામ કામદારોના આ સેસના ડિસ્બર્ઝમેન્ટ માટે કામદારોની ફિઝિકલી નોંધણી થવી જરૂરી છે.

૫. કોવિડની કટોકટીને કારણે મોટા પાયે કામદારોના કામધંધા બંધ થયા છે. તેથી જ સ્વાશ્રયી કામદારો કે જે કુલ કામદાર વર્ગના લગભગ ૫૦% હિસ્સો છે. તેને મજબૂત બનાવવાની જરૂર છે.

૬. ભારતમાં લગભગ ૩ કરોડ ફેરિયાઓ છે. અમે તેમના માટે પ્રધાનમંત્રી સ્વનિધી લોન યોજનાનું સ્વાગત કરીએ છીએ. આ સહાયની રકમ ૧૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૫૦,૦૦૦ થવી જોઈએ.

૭. ભારત સરકારે ફેરિયાઓની આજીવિકાના રક્ષણ માટે 'ધ સ્ટ્રીટ વેન્ડર્સ' (પ્રોટેક્શન ઑફ લાઈવલિહુડ એન્ડ રેગ્યુલેશન ઑફ સ્ટ્રીટ વેન્ડિંગ) અધિનિયમ ૨૦૧૪માં પસાર કર્યો છે. ઘણા રાજ્યોએ તેને સંલગ્ન રાજ્યના નિયમો બનાવ્યા છે, પરંતુ ટાઉન વેન્ડિંગ કમિટી બનાવવામાં આવી નથી તેથી તેનો અમલ થઈ શક્યો નથી. વળી ૩૦ રાજ્યોના ૭૨૬૩ ટાઉને જ વેન્ડિંગ કમિટીઓ બનાવી છે, જેમાંથી ૩૩% જ સૂચિત છે અને આ ૩૩% સૂચિત વેન્ડિંગ કમિટીઓમાંથી ફક્ત ૫૦% એ જ ફેરિયાઓને ઓળખકાર્ડ આપ્યા છે. વેન્ડિંગ કમિટીઓની રચના કરવા, આ અંગેનો સર્વે કરવા તથા ઓળખકાર્ડ આપવા માટે ખાસ બજેટની ફાળવણી કરવી જોઈએ. જે સ્વરોજગારને વધુ મજબૂત બનાવશે.

૮. મનરેગા કામદારોને વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસ કામ મળવું જોઈએ અને તેમનું વેતન વધારીને ૪૦૦ રૂપિયા પ્રતિ દિવસ કરવું જોઈએ. વળી, મનરેગા યોજના અંતર્ગત જે-તે વિસ્તારના પરંપરાગત કાર્યને જોડવાથી તેને વધુ વ્યાપક બનાવી શકાય. તે માટે બજેટની ફાળવણી થવી જોઈએ.

૯. ૪૩મી ઇન્ડિયન લેબર કોન્ફરન્સ (આઇ.એલ.સી.)માં સર્વાનુમતે થયેલી ભલામણ મુજબ શહેરી વિસ્તારોમાં અસંગઠિત ક્ષેત્રનાં કામદારો માટે મનરેગા જેવી સલામત રોજગાર યોજના જાહેર કરવી જોઈએ.

૧૦. જે રીતે એમ.એસ.એમ.ઇ.ને મદદ કરવા માટે ભંડોળની રચના થઈ તે પ્રમાણે સ્વસહાય જૂથો /નાના ઉદ્યોગો તથા ગ્રામ્ય કામદારો માટે કામ કરતાં સામાજિક એકમોના રોજગાર પુનર્જીવન તથા મુશ્કેલ સમયમાં ટકી રહેવા માટે ભંડોળ ઊભું કરવાની જરૂર છે. સાથે જ કારીગરોની સહાય માટે વિશેષ આર્ટીઝન સપોર્ટ ફંડની પણ જરૂર છે.

૧૧. ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓની માલિકીના ઊર્જા ઉદ્યોગો તથા પુનઃ પ્રાપ્ય ઊર્જા સંબંધિત પ્રોજેક્ટ જેવાકે સોલાર પંપ, સોલાર પાર્ક, સોલાર પેનલો વગેરે માટે નેશનલ ક્લિન એનર્જી ફંડમાંથી વિશેષ ફાળવણી થવી જોઈએ.

૧૨. રોજગાર નિર્માણની સાથે કામદારોની કુશળતાનું નવીનીકરણ કોવિડની મહામારીને ધ્યાનમાં લઈને કરવું જરૂરી છે. તેમનું રી-સ્કિલિંગ એવી રીતે થવું જોઈએ કે ઉત્પાદનની પ્રક્રિયા ફક્ત સ્થાનિક સ્તરે જ કરવામાં આવે.

૧૩. અસંગઠિત કામદારોના પરંપરાગત કૌશલ્યની સમીક્ષા થવી જોઈએ. તેનાથી શહેરો તરફનું સ્થળાંતર અટકાવી શકાશે. જેના માટે ગામ અને કામદારોના સ્તરે સ્થાનિક સંશોધન અને વિકાસ કેન્દ્રો વિકસાવવાની જરૂર છે. તેના માટે યોગ્ય બજેટની ફાળવણી થવી જોઈએ.

૧૪. શિક્ષણના માળખાને બદલવાની જરૂર છે. શરૂઆતથી જ વ્યવસાયિક કુશળતાની તાલીમ ફરજિયાત બનાવવી જોઈએ. આ તાલીમ ભારતના લોકોની મૂળભૂત પ્રાથમિક સ્થાનિક જરૂરિયાતોને સંતોષી શકે એવી તથા હાલના સમયને સુસંગત હોવી જોઈએ.

૧૫. અમે ડિજિટાઇઝેશનનું સ્વાગત કરીએ છીએ, પરંતુ હાલમાં અસંગઠિત ક્ષેત્રના કામદારોની નોંધણી, રિન્યુઅલ તથા યોજનાઓના લાભ મેળવવામાં ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે.

૧૬. સરકારે બાંધકામ કામદારો માટેની નોંધણી અને રિન્યુઅલ બાંધકામ બોર્ડ મારફતે ઓનલાઇન શરૂ કર્યું. કામદારે નોંધણી વખતે જે મોબાઇલ નંબર લખાવ્યો હોય તે નંબર ઉપર ઓ.ટી.પી મોકલવામાં આવે છે. બીજી બાજુ કામદારો જે સસ્તા સીમકાર્ડ મળે છે. જે સસ્તા સીમકાર્ડ મળતા હોય તેનો ઉપયોગ કરે છે જેથી ઓછો ખર્ચ થાય માટે કરે છે. અને જે સસ્તુ સિમકાર્ડ હોય તે વાપરે છે આથી સીમકાર્ડ બદલ્યા કરે છે.

૧૭. સામાજિક સુરક્ષા સંહિતા ૨૦૨૦નાં મુસદ્દાના નિયમો પ્રમાણે પણ ઓનલાઇન નોંધણી અને કામદારોની માહિતી ઇલેક્ટ્રોનિકલી જાળવવાની તથા નોંધણીને અપડેટ કરવા માટે પણ કામદાર દ્વારા લખાવેલ મોબાઇલ ઉપર ઓ.ટી.પી. મોકલવાની જોગવાઈ કરવામાં આવી છે. જેનાથી ઉપરનાં મુદ્દામાં જણાવેલી મુશ્કેલી ફરી નડશે.

૧૮. તેથી ફરીફરીને અમે ભારપૂર્વક અનુરોધ કરીએ છીએ કે કામદારોની નોંધણી, રિન્યુઅલ, સામાજિક સુરક્ષાની યોજનાઓના લાભ અને માહિતી ઓનલાઇનની સાથેસાથે વ્યક્તિગત રીતે હાથે ફોર્મ ભરીને એનું યોગ્ય ફાઇલિંગ કરીને પણ કરવી જ જોઈએ.

અમે ભારત દેશના ગરીબ હોય કે પૈસાદાર, દરેક નાગરિકને તેની મૂળભૂત જરૂરિયાતો ખોરાક, પોશાક, રહેઠાણ પોસાઈ શકે તેવા ભાવે મળે તેવી અરજ કરીએ છીએ અને ખાતરીપૂર્વકની આશા રાખીએ છીએ કે અમારા સૂચનોનો આ દેશના વિશાળ અસંગઠિત કામદારો અને મહિલા કામદારોના હિતમાં આવતા બજેટમાં સમાવેશ કરવામાં આવશે.

**- આભાર સહ**

**જ્યોતિ મેકવાન**
**જનરલ સેક્રેટરી, 'સેવા'**

**મનાલી શાહ**
**નેશનલ સેક્રેટરી, 'સેવા'**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
6-1-2021

**અનસૂયા**

- ૩૮માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-1-2021**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001